# પ્રાક્કથન

સમગ્ર વિશ્વસાહિત્યમાં સંસ્કૃત સાહિત્ય સૌથી પ્રાચીન અને સમૃદ્ધ સાહિત્ય છે. ભારતના સાહિત્યિક, ઐતિહાસિક, ધાર્મિક, આધ્યાત્મિક અને રાજનૈતિક વિષયોની સંપૂર્ણ વ્યાખ્યા સંસ્કૃત વાઙ્મયમાં સમાવિષ્ટ છે.

સંસ્કૃત સાહિત્યની પ્રાચીન ભારતીય શાસ્ત્ર પરંપરામાં વાસ્તુવિદ્યાનું સ્થાન અનન્ય રહ્યું છે. વેદોમાંથી જ વાસ્તુવિદ્યાનો પ્રાદુર્ભાવ થયો છે. વાસ્તુવિદ્યાનો વિકાસ વેદાઙ્ગોમાં વિશેષતઃ જયોતિષશાસ્ત્ર અને કલ્પસૂત્રમાં જોવા મળે છે. વાસ્તુ સંબંધી વિષયોનું વિસ્તૃત વિવેચન અથર્વવેદનાં ઉપવેદ 'સ્થાપત્ય' માંથી ખાસ મળે જ છે. ઉપરાંત પુરાણો તથા રામાયણ અને મહાભારત આદિ મહાકાવ્યોમાં તેમજ તંત્રગ્રંથો અને બૌદ્ધગ્રંથોમાં પણ તેનું વિવેચન જોવા મળે છે. વળી, ભૂમિસંસ્કાર, ભૂમિપૂજન, ભૂમિમાપન જેવા વિષયોની ચર્ચા વિચારણા જે ગ્રંથોમાં થયેલી છે તેને પણ વાસ્તુવિદ્યા કે વાસ્તુવિજ્ઞાન તરીકે આપણે ઓળખીએ છીએ. આ સાથે જ તેમા શિલ્પ-સ્થાપત્યનો સમાવેશ થતો હોવાથી 'વાસ્તુકલા' તરીકે પણ ઉલ્લેખ થાય છે. આ સાથે જ વાસ્તુનો જયોતિષશાસ્ત્ર, આયુર્વેદશાસ્ત્ર, ખગોળ શાસ્ત્ર આદિ શાસ્ત્રો સાથેના સંબંધને લીધે તેને 'વાસ્તુશાસ્ત્ર' પણ કહેવામાં આવે છે. વેદના સૂકતમાં પણ સ્થાપત્યકલા વિષે ઘણું કહ્યું છે.

એક સંશોધકની દષ્ટિથી વેદથી શરૂ કરીને કલાસાહિત્ય સુધીના વાસ્તુવિષયક વિવેચન ગ્રંથો અને શાસ્ત્રીય ગ્રંથોનો અભ્યાસ કરતા તેમજ વાસ્તુવિદ્યાની અભિરૂચિને કારણે માતા સરસ્વતીની કૃપાથી આ મહાનિબંધ લખવાના મારા વિચારને સ્વીકૃતિ આપી, ગહન વિચાર, વાંચન અને લેખન માટે પ્રોત્સાહન આપનાર વિદ્વાન પૂજય ગુઢવર્ય એવા ડો. શ્રી જયપ્રકાશ નારાયણ દ્વિવેદી સાહેબને હું કોટિ-કોટિ પ્રણામ કરું છું. આ સાથે ગુઢપત્નીને પણ હું પ્રણામ કરું છું.

પૂજય માતા-પિતા અને સાસુ-સસરાના આશીર્વાદ, કૌટુંબિક પ્રોત્સાહન, વત્સલ વડીલોની પ્રેરણાથી મારા આ મહાનિબંધ લેખનનું કાર્ય પૂર્ણતાના આરે પહોંચી શકયું. વળી, મારા જીવનસાથી શ્રી મુકેશ એસ. મશરૂનો સહકાર સતત અને પ્રેરણાદાયક રહ્યો છે. मातृदेवो भव । ને માનનાર મારો પુત્ર મનને પણ પોતાના ગજા પ્રમાણે મદદ કરી છે. મારા કાર્યને વેગવાન બનાવનાર પ્રા. ગીતાબેન ઉનડકટ, શ્રી ફાલ્ગુનભાઈ મોઢા તેમજ મોટા બહેન, ભાઈ, સહકાર્યકરનું માર્ગદર્શન અને સહકાર સતત મળતા રહ્યા. આ ઉપરાંત પ્રત્યેક સામર્થ્યશીલ વ્યકિતઓને હું વંદન કરું છું. જેમના આશીર્વાદ, સહયોગ, પ્રેરણાથી મારા કાર્યને વેગ મળ્યો છે.

સમગ્રલક્ષી વિવેચન અને મૂલ્યાંકનમાં વિષયાનુરૂપ પુસ્તકો જેમાં વેદો, પુરાણો, ઈતિહાસ, નીતિશાસ્ત્ર, જોડણીકોશ તથા વાસ્તુવિષયક અન્ય સાહિત્ય તેમજ સામાયિકો તેમજ સંદર્ભ પુસ્તકો માટે અમારી કોલેજના પ્રિન્સીપાલશ્રી, ટ્રસ્ટીશ્રી, વહીવટી સ્ટાફ, શ્રી કે. એચ.

માધવાણી કોલેજ ગ્રંથાલય, ગ્રંથપાલ, દ્વારકાધીશ સંસ્કૃત ગ્રંથાલય અને ગ્રંથપાલ ઉપરાંત શ્રી રામકૃષ્ણ મિશન ગ્રંથાલય તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, સાંદિપનિ વિદ્યાનિકેતનનો ફાળો અનન્ય રહ્યો છે તેમજ અન્ય ગ્રંથાલયોનો સહકાર સ્મરણીય રહેશે. વળી, આ ગ્રંથને સંપૂર્ણપણે વ્યવસ્થિત રીતે રજૂ કરવા માટે ટાઈપીંગ કરનાર શ્રી ભાવેશભાઈ મોઢાનો આભાર માનવો જ રહ્યો.

મારા આ સંશોધનકાર્યમાં જો કાંઈ ભૂલ રહી ગઈ હોય તો તે ક્ષતિ મારી છે એમ સમજી ઉદાર હૃદયે ક્ષમા આપવા વિદ્વત્સમાજને કરબદ્ધ વિનંતી છે.